શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૭

# શ્રી ઉપાસકદશાંગ સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી
– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી ઉપાસક દશાંગસૂત્ર

બાર અંગ સૂત્રોમાં ઉપાસકદશાંગસૂત્ર સાતમું અંગસૂત્ર છે. સાધુ–સાધ્વીની ઉપાસના કરીને પોતાના જીવનનું ઘડતર કરનાર ઉપાસકોનું અર્થાત્ ગૃહસ્થધર્મનું પાલન કરતાં શ્રાવકોનું જીવનચરિત્ર જેમાં વર્ણિત છે, તે શાસ્ત્રને ઉપાસકદશાંગસૂત્ર કહે છે. તેના દશ અધ્યયન છે.

## અધ્યયન – ૧ આનંદ શ્રાવક

ભારતવર્ષના ઉત્તર બિહારક્ષેત્રમાં વાણિજ્યગ્રામ નામનું નગર હતું. ત્યાં આનંદ નામના સદ્ગૃહસ્થ તથા તેની શિવાનંદા નામની રૂપવતી, ગુણવતી, પતિપરાયણા પત્ની હતી. તે ધનસંપન્ન, સમૃદ્ધ અને વૈભવશાળી હતા. સમાજમાં પ્રતિષ્ઠિત અને સમૃદ્ધ વ્યક્તિ માટે શાસ્ત્રમાં 'ગાથાપતિ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આનંદ ગાથાપતિ કરોડો સોનામહોર, ધન–ધાન્ય, ભૂમિ, ગોધન વગેરે સંપતિના માલિક હતા. તેમણે ચાર ક્રોડ સોનામહોર ખજાનામાં, ચાર ક્રોડ વ્યાપારમાં, ચાર ક્રોડ ઘરની સાધન સામગ્રીમાં રોકેલી હતી. તેમને ત્યાં દશ હજાર ગાયોનું એક ગોકુળ, તેવા ચાર ગોકુળ હતા.

એકાદા શ્રમણ ભગવાન મહાવીરસ્વામી

વાણિજ્યગ્રામ નગરમાં પધાર્યા, જિતશત્રુરાજા પાંચ રાજચિહ્નો, ૧. તલવાર વગેરે શસ્ત્ર, ૨. છત્ર, ૩. મુગુટ, ૪. રથ, હાથી ઘોડાઆદિ વાહન અને ૫. ચામરનો ત્યાગ કરીને, પાંચ અભિગમપૂર્વક પ્રભુના દર્શનાર્થે ગયા.

**અભિગમ :** સંતોના દર્શનાર્થે જવા સમયનો વિશિષ્ટ વ્યવહાર અથવા વિશિષ્ટ નિયમો. ૧. ફળ–ફૂલ આદિ સચેત પદાર્થોનો ત્યાગ કરવો ૨. ચપ્પલ, શસ્ત્ર ખાદ્યસામગ્રી વગરે અચેત પદાર્થોનો વિવેકપૂર્વક ત્યાગ કરવો, ૩. મુખ પર રૂમાલ કે દુપટ્ટો રાખવો અથવા મુહપતિ બાંધવી ૪. સંતો દ્દષ્ટિ સન્મુખ થાય ત્યારથી હાથ જોડવા ૫. મનની સ્થિરતા કેળવવી, આનંદ ગાથાપતિ પણ શિષ્ટાચારપૂર્વક પ્રભુના દર્શનાર્થે ગયા અને પ્રભુનો ધર્મોપદેશ સાંભળ્યો.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના સમાગમે તેમના જીવનમાં નવો વળાંક આવ્યો. ભગવાને જીવ–અજીવ આદિ નવતત્ત્વનો તથા અણગાર – સાધુધર્મ અને આગાર – શ્રાવક ધર્મ, આ બે પ્રકારના ધર્મનો ઉપદેશ આપ્યો. આનંદ ગાથાપતિએ પ્રભુના ઉપદેશથી પ્રભાવિત થઈને પોતાની યોગ્યતાનુસાર સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

**શ્રાવકધર્મ :** શ્રાવકો દેવાધિદેવ વીતરાગ પ્રભુ પર શ્રદ્ધા, ગુરુની ઉપાસના અને ગુરુના માર્ગદર્શનાનુસાર યથાશકય ધર્મનું આચરણ કરે છે. તેઓ સંસારની સમસ્ત પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરવા જેવો છે, તેવી દઢતમ શ્રદ્ધાપૂર્વક ગૃહસ્થ જીવનના કર્તવ્યનું પાલન કરતાં મર્યાદિત પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. શ્રાવકો પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, આ બાર વ્રતમાંથી યથાશકય વ્રતનું પાલન કરે છે.

**શ્રાવક વ્રત :**

**(૧) સ્થૂલ પ્રાણાતિપાતવેરમણ વ્રતઃ–** સંકલ્પપૂર્વક કોઈ પણ નિરપરાધી ત્રસ જીવોની હિંસા મન, વચન, કાયાથી કરવી નહીં કે કરાવવી નહીં. ગૃહસ્થજીવનનો વ્યવહાર કરતાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે વનસ્પતિ આદિ સ્થાવર જીવોની હિંસા થાય છે, તેથી આવશ્યકતા પ્રમાણે તેની મર્યાદા કરવી. શ્રાવકોએ ત્રસ જીવોની ઈરાદાપૂર્વકની હિંસાનો ત્યાગ કરવો પરંતુ તેમાં કોઈ અપરાધી જીવોને દંડ આપવો પડે, શરીરને પીડાકારી જીવોની હિંસા કરવી પડે, તો તેની છૂટ રાખવી.

**(૨) સ્થૂલ મૃષાવાદવેરમણ વ્રતઃ–** અકારણ કોઈને દંડિત થવું પડે, નુકશાની થાય, રાજ્ય તરફથી સજા થાય,

લોકમાં નિંદા થાય, તેવા અસત્ય વચનનું ઉચ્ચારણ કરવું નહીં. ૧) વર–કન્યાના રૂપ, ગુણ સંબંધી અર્થાત મનુષ્ય સંબંધી ૨) ગાય–ભેંસ આદિ પશુ સંબંધી ૩) ભૂમિ સંબંધી ૪) થાપણ સંબંધી ૫) ખોટી સાક્ષી આપવી, આ પાંચ પ્રકારના સ્થૂલ અસત્ય વચન બોલવાનો ત્યાગ કરવો.

**૩) સ્થૂલ અદત્તાદાનવેરમણ વ્રતઃ–** ૧) દિવાલમાં બાકોરું પાડીને કે દરવાજા તોડીને ચોરી કરવી. (૨) બીજાનો માલ સામાન લઈ લેવો ૩) બીજી ચાવીથી તાળા ખોલવા ૪) જબરદસ્તીથી કોઈને લૂંટી લેવા, વિશ્વાસઘાત કરી ખિસ્સુ કાપવું. ૫) કોઈની કિંમતી વસ્તુ ચોરીની ભાવનાથી લઈ લેવી, આ પાંચ પ્રકારની સ્થૂલ ચોરીનો ત્યાગ કરવો.

**૪) સ્થૂલ મૈથુનવેરમણ વ્રતઃ–** 'સદાર સંતોસિએ' 'સભર્તાર સંતોસિએ' – પોતાની પત્ની/પતિ સિવાય અન્ય સ્ત્રી/પુરુષ સાથે મૈથુન સેવનનો ત્યાગ કરવો અથવા મર્યાદા કરવી.

**૫) સ્થૂલ પરિગ્રહપરિમાણ વ્રતઃ–** ૧) ખેતર, વાડી, આદિ ખુલ્લી જમીન ૨) ઘર, મકાન, દુકાન, ગોડાઉન આદિ ઢાંકેલી જમીન ૩) હિરણ્ય–ચાંદી ૪) સોનુ,

૫)ધન–રોકડ રકમ ૬) ધાન્ય ૭) દાસ–દાસી આદિ ૮) પશુ–પક્ષી ૯) ઘરવખરીની ચીજ–વસ્તુ, આ નવ પ્રકારના બાહ્યપરિગ્રહની મર્યાદા કરવી. આ પાંચ અણુવ્રત છે.

અણુવ્રતની પુષ્ટિ માટે છઠ્ઠું, સાતમું અને આઠમું, આ ત્રણ ગુણવ્રત છે.

**૬) દિશા પરિમાણ વ્રતઃ–** ઊર્ધ્વદિશા, અધોદિશા અને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આ ચાર તિર્યગ્દિશામાં ગમનાગમન કરવાની, તે–તે ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવાની મર્યાદા કરવી.

**૭) ઉવભોગ–પરિભોગ પરિમાણ વ્રતઃ–** ભોજન–પાણી આદિ એકવાર ભોગવી શકાય, તેવા પદાર્થોને ઉવભોગ અને વસ્ત્ર, આભૂષણ આદિ વારંવાર ભોગવી શકાય, તેવા પદાર્થોને પરિભોગ કહે છે. તદ્યોગ્ય ૨૬ બોલની મર્યાદા કરવી.

**૮) અનર્થદંડ વેરમણ વ્રતઃ–** પ્રયોજન વિના પાપપ્રવૃતિનું સેવન કરવું, તેને અનર્થદંડ કહે છે. અનર્થદંડના ત્યાગ માટે આર્તધ્યાન, રૌદ્રધ્યાન, પ્રમાદાચરણ, હિંસાકારી સાધનોનું આદાન–પ્રદાન અને પાપકારી પ્રવૃત્તિનો ઉપદેશ આપવો વગેરે પ્રવૃત્તિનો ત્યાગ કરવો.

નિરવદ્ય પ્રવૃત્તિ કરવા માટે આત્માને શિક્ષિત કરે, તેને શિક્ષાવ્રત કહે છે. નવમું, દશમું, અગિયારમું અને બારમું, આ ચાર શિક્ષાવ્રત છે.

**૯) સામાયિક વ્રતઃ–** લોકમાં ચાલતી સમસ્ત પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરીને ઓછામાં ઓછી બે ઘડી – ૪૮ મિનિટ માટે સમભાવમાં સ્થિત થવું.

**૧૦) દેશાવગાસિક વ્રતઃ–** એક દિવસ માટે દિશાની અને ઉવભોગ–પરિભોગ યોગ્ય વસ્તુની મર્યાદા ઘટાડીને વૃત્તિસંક્ષેપ કરવો.

**૧૧) પૌષધ વ્રતઃ–** એક અહોરાત્ર પર્યંત ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને, ધર્મસ્થાનમાં રહીને, આત્મગુણોનું પોષણ થાય તેવી પ્રવૃત્તિ કરવી.

**૧૨) અતિથિ સંવિભાગવ્રત :** પોતાની માલિકીમાં રહેલા આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિ ચૌદ પ્રકારની વસ્તુઓ પંચ મહાવ્રતધારી સાધુ–સાધ્વીઓને વહોરાવવાની ભાવના રાખવી.

આનંદ શ્રાવકની પત્ની શિવાનંદા આર્ય સન્નારી હતા. તેણે પણ પતિના પગલે ચાલીને શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. દૃઢતમ શ્રદ્ધાપૂર્વક, શ્રાવકધર્મના પાલન સહિત તેઓનું ગૃહસ્થ જીવન વ્યતીત થઈ રહ્યું હતું. સમય

જતાં પોતાની સંપૂર્ણ કૌટુંબિક જવાબદારી મોટા પુત્રને સોંપીને તેઓ નિવૃત્ત જીવન જીવવા લાગ્યા. તે કાલ દરમ્યાન અગિયાર ઉપાસક પ્રતિમા–વિશિષ્ટ અભિગ્રહો સહિતના નિયમોનું પાલન કરતાં જયારે આનંદ શ્રાવકનું શરીર અત્યંત દુર્બળ, ક્ષીણ થઈ ગયું, ત્યારે તેઓ પોતાના જીવનની અંતિમ આરાધના માટે તૈયાર થયા.

**અંતિમ આરાધના :** સર્વ સાંસારિક પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઈને, પોતાના ઘરની પૌષધશાળામાં અઢાર પાપસ્થાન, ચાર પ્રકારનો આહાર (ભોજન, પાણી, મેવા–મીઠાઈ, મુખવાસ) તથા પોતાના શરીરનો મમત્વભાવ, આ ર૩ બોલના પચ્ચક્ખાણ (ત્યાગ) કરીને યાવજ્જીવનના અનશનવ્રત–સંથારાનો સ્વીકાર કર્યો. આત્મભાવમાં તલ્લીન બનેલા આનંદ શ્રાવકને અવધિજ્ઞાન પ્રગટ થયું. તેના દ્વારા તેઓ ઈન્દ્રિય કે મનની સહાયતા વિના મર્યાદિત ક્ષેત્રમાં રહેલાં રૂપી પદાર્થોને જાણવા લાગ્યા. યોગાનુયોગ ગૌતમસ્વામી આનંદ શ્રાવકનાં ઘેર ગૌચરી માટે પધાર્યા. આનંદ શ્રાવકે ગૌતમસ્વામીના દર્શન કર્યા અને પોતાને પ્રગટ થયેલા અવધિજ્ઞાનની વાત કરી.

ગૌતમસ્વામી છદ્મસ્થદશામાં હતા. તેને થયું કે શ્રાવકોને આટલું વિશાળ અવધિજ્ઞાન થઈ શકે નહીં, તેથી

આનંદને કહ્યું, 'તમે અસત્ય બોલ્યા છો, તેની આલોચના કરીને પ્રાયશ્ચિતનો સ્વીકાર કરો. આનંદ શ્રાવક પોતાના જ્ઞાનની અનુભૂતિમાં સ્પષ્ટ અને ચોકકસ હતા, તેથી તેમણે નમ્રભાવે નિવેદન કર્યું કે 'શું જિનપ્રવચનમાં સત્ય કે યથાર્થ ભાવોની આલોચના હોય શકે છે ? મારા મંતવ્યાનુસાર અસત્ય ઉચ્ચારણ માટે આપ જ આલોચના કરો.' ગૌતમસ્વામીએ પ્રભુ પાસે સમાધાન મેળવવાનો નિર્ણય કર્યો. પ્રભુ પાસે જઈને અથથી ઈતિ સુધી સર્વ વાત કરી. સર્વજ્ઞ પ્રભુએ નિર્ણય આપ્યો કે હે ગૌતમ ! આનંદ કહે છે તે સત્ય છે. તમે તેના પર મિથ્યા આક્ષેપ કર્યો છે. તમે ત્યાં જઈને તેમની ક્ષમાયાચના કરો.

ચારજ્ઞાન અને ચૌદપૂર્વના ધારક, તીર્થંકરના પ્રથમ શિષ્ય, ગણધર ગૌતમસ્વામી સત્ય સમજાતાં પ્રભુની આજ્ઞાનુસાર આનંદ શ્રાવકના ઘેર ક્ષમાયાચના કરવા ગયા. સરળભાવે ક્ષમાયાચના કરીને પોતાની વિશુદ્ધિ કરી.

આનંદ શ્રાવક પોતાના આત્મપરિણામોમાં દઢ–દઢતમ થતા ગયા. એક મહિનાની અનશન આરાધના કરીને, સમભાવપૂર્વક દેહનો ત્યાગ કર્યો અને સૌધર્મ દેવલોકમાં અરૂણ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં

મનુષ્ય જન્મ ધારણ કરીને, આનંદ શ્રાવકનો આત્મા સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## અધ્યયન – ૨ : કામદેવ શ્રાવક

ચંપાનામની નગરીમાં કામદેવ નામના ગાથાપતિ અને તેની ભદ્રા નામની પતિપરાયણા પત્ની આદર્શ ગૃહસ્થ જીવન વ્યતીત કરી રહ્યા હતા. તેમણે ૭ ક્રોડ સોનામહોર ખજાનામાં, ૭ ક્રોડ સોનામહોર વ્યાપારમાં, ૭ ક્રોડ ઘરની સાધન સામગ્રીમાં રાખેલી હતી. તેમની પાસે ગાયોના ૭ ગોકુળ અર્થાત્ ૬૦,૦૦૦ ગાયો હતી. પ્રબળ પુણ્યોદયે કામદેવનું પારિવારિક જીવન સુખી હતું. તેઓ સમાજમાં પ્રતિષ્ઠિત અને કુટુંબમાં મોભી સમાન હતા.

સંસારમાં સર્વ પ્રકારની અનુકૂળતામાં પણ કામદેવ ગાથાપતિના જીવનમાં પ્રભુના સમાગમે વળાંક આવ્યો. તેમના જીવનમાં એક નવી વિવેક ચેતના જાગૃત થઈ. પૂર્વભવના સંસ્કાર, સાક્ષાત્ તીર્થંકરનું સાંનિધ્ય અને પ્રભુના ઉપદેશની કામદેવના ચિત્ત પર અસર થઈ. તેમણે આનંદ શ્રાવકની જેમ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો અને ભોગવાસના, લાલસા, કામનાને સંયમિત–નિયમિત કરીને જીવનના પ્રત્યેક વ્યવહારમાં તેમણે અનાસક્ત ભાવ કેળવવાનો પ્રયત્ન કર્યો.

કામદેવની ધર્મભાવના પ્રતિદિન પુષ્ટ થતી ગઈ. વિશેષ આરાધના કરવા માટે તેઓ ગૃહસ્થ જીવનની જવાબદારીથી મુકત થયા. મોટા પુત્રને કૌટુંબિક જવાબદારી સોંપીને તેઓ જીવનની અંતિમ આરાધનામાં લીન થયા. એકાદા તેમના જીવનમાં કસોટીની ક્ષણો આવી.

તેઓ પૌષધશાળામાં પૌષધ આરાધનામાં મગ્ન હતા, ત્યારે એક દેવે તેમની શ્રદ્ધાની કસોટી કરવા વિઘ્ન ઊભું કર્યું. મિથ્યાત્વી દેવે કામદેવને ભયભીત કરવા એક અત્યંત ભીષણ, વિકરાળ, ભયાવહ રાક્ષસનું રૂપ ધારણ કર્યું. રાક્ષસે તલવાર હાથમાં લઈને કામદેવને ધમકાવ્યા અને કહ્યું કે તમે તમારી સાધના છોડો, અન્યથા તમારા ટુકડેટુકડા કરી નાંખીશ. કામદેવ દેહ અને આત્માના ભેદજ્ઞાનને અનુભવનાર ધીર, વીર અને ગંભીર હતા, તેથી તે ચલિત થયા નહીં. રાક્ષસ વધુ ક્રોધિત થયો. તેમણે બીજી, ત્રીજીવાર પૂર્વવત્ કહ્યું, તેમ છતાં કામદેવ દઢ રહ્યા. રાક્ષસે કામદેવના શરીરના ટુકડા કરી નાંખ્યા, પરંતુ કામદેવે આત્મભાવનાપૂર્વક આ ઘોર વેદનાને સહન કરી. આ દેવ માયાવી હતો, તેથી થોડી વારમાં જ કામદેવનું શરીર પૂર્વવત્ થઈ ગયું.

દેવની મનોકામના પૂર્ણ થઈ ન હતી. તેણે એક ઉન્મત્ત હાથીનું રૂપ ધારણ કર્યું. કામદેવને આકાશમાં ઉછાળવાની, દાંતોથી વીંધવાની, પગ નીચે કચડી નાંખવાની ધમકી આપી. આ રીતે બે–ત્રણ વાર કહ્યું પરંતુ કામદેવ દૃઢ અને સ્થિર રહ્યા, ત્યારે હાથીના રૂપધારી દેવે કામદેવને કહ્યા પ્રમાણે કષ્ટ આપ્યું પરંતુ કામદેવ અચલ રહ્યા.

દેવે ફરી એકવાર પ્રયત્ન કર્યો. તેણે ઉગ્ર વિષધર સર્પનું રૂપ ધારણ કર્યું. સર્પ કામદેવની ડોકમાં વીંટળાઈ ગયો, છાતી પર ડંખ માર્યા પરંતુ આ પ્રયત્ન પણ નિષ્ફળ ગયો, દૃઢત્તમ શ્રદ્ધાવાન કામદેવ ચલિત થયા નહીં. દેવના મુખમાંથી શબ્દો સરી પડયા. હે કામદેવ ! ધન્ય છે આપની ધર્મશ્રદ્ધાને, ધન્ય છે આપની મક્કમતાને. દેવે કામદેવના ચરણોમાં ઝૂકીને ક્ષમાયાચના કરી અને પોતાના પાપનો પશ્ચાતાપ કર્યો કે સૌધર્મ દેવલોકના ઈંદ્રે આપની ધર્મશ્રદ્ધાની પ્રશંસા કરી, તેને હું સહન કરી  શકયો નહીં, ઈર્ષ્યાને વશ થઈને હું આપની કસોટી કરવા આવ્યો પરંતુ મેં આપની ધર્મશ્રદ્ધા પ્રત્યક્ષ જોઈ લીધી છે. વંદન હો આપને... આ રીતે દેવ પાપનો પોકાર કરીને સ્વસ્થાને ચાલ્યો ગયો. કામદેવ શ્રાવક આરાધનામાં તલ્લીન હતા.

ઉપસર્ગ પૂર્ણ થયો છે, તેમ જાણીને પોતાના અભિગ્રહને પૂર્ણ કર્યો. બીજે દિવસે યોગાનુયોગ પ્રભુ ચંપાનગરીમાં પધાર્યા. કામદેવ પૌષધ પાળતાં પહેલાં પ્રભુનાં દર્શન કરવા ગયા. પ્રભુ સર્વજ્ઞ હતા, તેઓએ કામદેવે સહન કરેલા ઉપસર્ગને જાણી લીધા હતા. પ્રભુએ ત્યાં બિરાજમાન સર્વ સાધુ–સાધ્વીઓને સંબોધન કરીને કહ્યું કે એક શ્રાવક પણ ગૃહસ્થ જીવનમાં ધર્મારાધનામાં આટલી દઢતા રાખી શકે છે. દેવતા, મનુષ્ય કે તિર્યંચના ઉપસર્ગ સહન કરી શકે છે, તો સાધુએ સંયમી જીવનમાં કષ્ટોથી કાયર થવું ન જોઈએ. સહનશીલતા અને ધીરજ તે સાધુતાનો આધાર છે. સહનશીલતાથી જ સંયમી જીવન નિર્મળ રહે છે.

ભગવાનની દષ્ટિમાં કામદેવનું આચરણ ધર્મશ્રદ્ધાની દઢતાના સંદર્ભમાં એક પ્રેરક ઉદાહરણ હતું. તેથી જ પોતાની ધર્મસભામાં તેનું કથન કર્યું હતું.

કામદેવ શ્રાવક ઉત્તરોત્તર આરાધનામાં દઢતમ ભાવે વિકાસ કરતાં વીસ વર્ષ સુધી શ્રાવકધર્મનું પાલન કરીને, અંતે એક માસના અનશનની આરાધના કરીને, સમાધિપૂર્વક દેહનો ત્યાગ કરીને, પહેલા સૌધર્મદેવલોકનાં અરૂણાભવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. દેવભવનું

આયુષ્ય પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ ધારણ કરીને, સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## અધ્યયન – ૩ : ચુલનીપિતા

વારાણસી નામની નગરીમાં ચુલનીપિતા નામના પુણ્યવાન ગાથાપતિ પોતાની શ્યામા નામની આર્ય સન્નારી સાથે સુખી ગૃહસ્થ જીવન વ્યતીત કરી રહ્યાં હતા. તેમણે આઠ ક્રોડ સોનામહોર સુરક્ષિત ખજાનામાં, આઠ ક્રોડ સોનામહોર વ્યાપારમાં, આઠ ક્રોડ સોનામહોર ઘરની સાધન સામગ્રીમાં રોકેલી હતી. તેમની પાસે આઠ ગોકુળ (૮૦,૦૦૦ ગાયો) હતી. આ રીતે તેઓ અઢળક સંપતિના સ્વામી હતા. સર્વ પ્રકારનું ભૌતિક સુખ તેઓને પ્રાપ્ત હતું પરંતુ તેઓ સુખમાં ઉન્મત્ત ન હતા.

ભગવાન મહાવીરસ્વામીના સમાગમે તેમનું જીવન ત્યાગમય બની ગયું. તેમણે બાર વ્રત રૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો અને અધ્યાત્મ વિકાસ માટે પ્રયત્નશીલ બની ગયા. એકાદા તેઓ પૌષધની આરાધનામાં તલ્લીન હતા. રાત્રિના પૂર્વાર્ધભાગમાં એક માયાવી દેવ હાથમાં તીક્ષ્ણ તલવાર લઈને ચુલનીપિતાની સમક્ષ પ્રગટ થયો. તેણે ચુલનીપિતાને ધમકી આપતા કહ્યું કે 'તમે વ્રતને છોડી દ્યો, અન્યથા હું તમારા મોટા દિકરાના

ત્રણ ટુકડા કરીને, તેને ઉકળતા પાણીની કડાઈમાં નાંખીશ. દીકરાના લોહી–માંસ તમારા પર છાંટીશ.' ચુલનીપિતાની સામે એક હૃદયદ્રાવક પરિસ્થિતિ હતી. એક તરફ પૌષધવ્રતની આરાધના અને બીજી તરફ વ્હાલસોયો પુત્ર. રાગ અને વૈરાગ્યનું દ્વંદ્વ જાગ્યું હતું. ચુલનીપિતાએ અત્યંત સમજણ અને વિવેકથી મનને આરાધનામાં અચલ રાખ્યું. દેવે ધમકી આપી હતી અને તે પ્રમાણે કર્યું, તેમ છતાં ચુલનીપિતા અડગ રહ્યા. દેવ વધુ વિકરાળ બન્યો તેણે ફરી ક્રમશઃ વચલા અને નાના દીકરાને મારી નાંખવાની ધમકી આપી અને તે પ્રમાણે કર્યું, પરંતુ આરાધનામાં દત્તચિત્ત ચુલનીપિતાને પુત્રમોહ પરાજિત કરી શક્યો નહીં.

દેવે ચુલનીપિતાની ધીરતા, વીરતા અને ગંભીરતાને નિહાળી, ત્યારે તેનો દ્વેષભાવ વિશેષ પુષ્ટ થઈને પ્રગટ થયો. તેણે ફરી ધમકી આપતા કહ્યું કે મારી વાતનો સ્વીકાર નહીં કરો, તો તમારી સમક્ષ જનની ભદ્રામાતાની પણ પુત્રો જેવી જ સ્થિતિ કરીશ. પોતાના ત્રણે પુત્રોની ક્રૂર હત્યાના પ્રસંગમાં ચુલનીપિતા અડગ રહ્યા પરંતુ જન્મદાત્રી, વાત્સલ્યમૂર્તિ માતાની મમતાએ ચુલનીપિતાને ચલિત કર્યા. તેમની ધીરજ ખૂટી ગઈ. તેઓ ક્ષણિક આવેશમાં આવીને દુષ્ટ દેવને પકડવા ઊભા થયા.

હાથ ફેલાવ્યા પરંતુ તે દેવની માયા હતી. દેવ અદશ્ય થઈ ગયા. ચુલનીપિતાના હાથમાં પૌષધશાળાનો થાંભલો આવ્યો. તે અત્યંત ખિન્ન થઈને આર્તનાદ કરવા લાગ્યા. ચુલનીપિતાનો અવાજ સાંભળીને માતા ત્યાં આવ્યા. હકીકત જાણી અને પુત્રને સાંત્વન આપતાં કહ્યું કે, 'બેટા! આ દેવકૃત ઉપસર્ગ હતો. તારા સર્વ પુત્રો સુરક્ષિત છે, કોઈની હત્યા થઈ નથી. તે નિરર્થક આવેશમાં આવીને તારા વ્રતને ખંડિત કર્યું છે. તું આ દોષની શુદ્ધિ માટે આલોચના, નિંદા કરીને પ્રાયશ્ચિતનો સ્વીકાર કરી લે.' ચુલનીપિતાએ પ્રાયશ્ચિતથી આત્મવિશુદ્ધિ કરી. આરાધાનામાં ઉત્તરોત્તર આગળ વધતાં વીસ વર્ષ શ્રાવકધર્મનું પાલન કરીને, અંતે એક મહિનાની અનશનની આરાધના કરીને, સમાધિભાવે દેહનો ત્યાગ કરી, પહેલા દેવલોકના અરૂણકાંત વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

## અધ્યયન – ૪ : સુરાદેવ

વારાણસી નગરીમાં સુરાદેવ નામના ગાથાપતિ તેમની ધન્યા નામની શીલવંતી નારી સાથે સુખી ગૃહસ્થજીવન વ્યતીત કરી રહ્યા હતા. તેમણે છ–છ ક્રોડ

સોનામહોરો ખજાનામાં, વ્યાપારમાં અને ઘરની સાધન સામગ્રીમાં રોકેલી હતી. તેમની પાસે ગાયોના છ ગોકુળ (૬૦,૦૦૦ ગાયો) હતી. પુણ્યયોગે સુરાદેવને પ્રભુ મહાવીરસ્વામીનો સમાગમ થયો. પ્રભુના ઉપદેશથી પ્રભાવિત થઈને તેમણે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

એકદા તેઓ પોતાના ઘરની પૌષધશાળામાં પૌષધની આરાધનામાં તલ્લીન હતા. રાત્રિના સમયે તેની સમક્ષ તીક્ષ્ણ તલવાર સહિત એક દેવ પ્રગટ થયો. તેણે સુરાદેવને ચલિત કરવા ઘણા પ્રયત્નો કર્યા, ચુલનીપિતાની જેમ ક્રમશઃ ત્રણે પુત્રોને મારીને તેના પાંચ ટુકડા કરવાની ધમકી આપી. તે પ્રમાણે કરીને પુત્રનું લોહી તેના પર છાંટયું. તેમ છતાં સુરાદેવ દૃઢ રહ્યા, આરાધનાથી ચલિત થયા નહીં. દેવે વિચાર્યું કે સુરાદેવને પુત્રની મમતા ચલિત કરી શકી નથી. તેને ચલિત કરવા બીજો પ્રયત્ન કરવો જોઈએ. સામાન્ય રીતે દરેક જીવને પોતાના શરીર પર ગાઢતમ આસક્તિ હોય છે, તેથી શરીરમાં એક સાથે સોળ મહારોગ ઉત્પન્ન કરવાની ધમકી આપી. દેવે કહ્યું, 'તારા વ્રતને છોડી દે, અન્યથા તારા શરીરમાં એક સાથે સોળ મહારોગ ઉત્પન્ન કરીશ. અસહ્ય વેદનાથી તને વ્યાકુળ કરીશ.' સુરાદેવ દેહના અનુરાગમાં ખેંચાઈ ગયા. અસહ્ય

વેદનાના ડરથી ડરી ગયા અને પથભ્રષ્ટ થઈને દેવને પકડવા દોડ્યા, ત્યાં તો દેવ અદશ્ય થઈ ગયો અને તેના હાથમાં પૌષધશાળાનો થાંભલો આવ્યો. સુરાદેવ મૂઢ થઈ ગયા. વાસ્તવિકતાને સમજી શકયા નહીં. તેથી જોરથી અવાજ કરવા લાગ્યા. અવાજ સાંભળી તેની પત્ની ધન્યા આવી. સત્ય હકીકત જાણી. ધન્યા બુદ્ધિમાન અને વિવેકી સ્ત્રી હતી. તેણે પતિને સન્માર્ગનું દર્શન કરાવ્યું અને કહ્યું ‘આ દેવકૃત ઉપસર્ગ હતો. તમારા પુત્રો ક્ષેમકુશળ છે, તમે દેહના અનુરાગને વશ થઈને સન્માર્ગને ભૂલી ગયા છો. દોષસેવનનું પ્રાયશ્ચિત કરીને સન્માર્ગે આવો. પત્નિની પ્રેરણાથી સુરાદેવે સત્યનો સ્વીકાર કર્યો, પ્રાયશ્ચિત દ્વારા આત્મવિશુદ્ધિ કરી.

ત્યાર પછી સુરાદેવ શ્રાવકનું જીવન આરાધનામાં ઉત્તરોત્તર વિશેષતઃ ગતિશીલ બન્યું. વીસ વર્ષ શ્રાવકધર્મનું પાલન કરીને, અંતે એક મહિનાની અનશન આરાધના દ્વારા સમાધિભાવે દેહનો ત્યાગ કર્યો. પહેલા દેવલોકના અરૂણકાંત વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

## અધ્યયન – ૫ : ચુલ્લશતક

આલંભિકા નામની નગરીમાં ચુલ્લશતક નામના સમૃદ્ધ ગાથાપતિ અને તેમની ધર્મપરાયણા બહુલા નામની પત્ની બંને સુખી જીવન વ્યતીત કરી રહ્યા હતા. તેમણે છ–છ કરોડ સોનામહોરો ખજાનામાં, વ્યાપારમાં અને ઘરની સાધન–સામગ્રી માટે રાખી હતી. તેમની પાસે ગાયોના છ ગોકુળ હતા. ભોગવિલાસની સંપૂર્ણ અનુકૂળતા હોવા છતાં પૂર્વકૃત સંસ્કારે તેમનું જીવન પરોપકાર પરાયણ હતું. ભગવાનના સમાગમે તેઓ આશ્રવ–સંવરના ભાવોને સમજી ગયા અને જીવનને સંયમિત બનાવવા બારવ્રતનો સ્વીકાર કર્યો.

એકદા પૌષધારાધનામાં લીન બનેલા ચુલ્લશતક શ્રાવકને દેવકૃત ઉપસર્ગ આવ્યો. દેવે આવીને પૂર્વવત્ ત્રણે દીકરાને મારીને તેના સાત–સાત ટુકડા કરવાની ધમકી આપી અને તે પ્રમાણે કર્યું. સ્વજનોના સંબંધોની નશ્વરતા કે અશરણભૂતતા જાણીને ચુલ્લશતક પોતાની આરાધનામાં તલ્લીન રહ્યા, વ્રતભંગ કર્યો નહીં.

દેવે વિચાર્યું કે આ સંસારમાં ઘણી વ્યકિતઓને પુત્રો કરતાં પૈસા વિશેષ વ્હાલા હોય છે. મનુષ્યો ધનનાશનો આઘાત સહન કરી શકતા નથી, તેથી દેવે

ધમકી આપી કે 'હે ચુલ્લશતક ! તારું વ્રત છોડી દે, અન્યથા તારા સર્વ ધનનો નાશ કરીને તને ભિખારી બનાવીશ.' ચુલ્લશતક સાધનામાં સ્થિર રહ્યા. દેવે બીજી, ત્રીજી વાર તે જ ધમકી આપી. ચુલ્લકશતકનું ચિત્ત ચંચળ બની ગયું. દરિદ્રતાનું ભયાનક દ્રશ્ય તેની સમક્ષ ખડું થઈ ગયું. તેને પોતાના વ્રતનું ભાન રહ્યું નહીં. તે આરાધનાથી ચલિત થયા. ધનની આસકિતમાં મુંઝાયેલા ચુલ્લશતક ક્રોધિત થઈને દેવને પકડવા દોડયા. ત્યાં દેવકૃત માયા સંકેલાઈ ગઈ. ચુલ્લકશતકના હાથમાં થાંભલો આવ્યો. તે પરિસ્થિતિને પામી શકયા નહીં.

પત્ની બહુલાએ આવીને વાસ્તવિકતાનો બોધ કરાવ્યો. ચુલ્લશતકે પોતાના દોષસેવનની આલોચના કરીને શુદ્ધિ કરી અને શેષ જીવનમાં વ્રતપાલનમાં અધિકતમ સાવધાન બની ગયા. વીસ વર્ષ સુધી શ્રાવકધર્મનું પાલન કરીને, અંતે એક માસની અનશનની આરાધના કરીને, સમભાવપૂર્વક દેહનો ત્યાગ કરીને પ્રથમ દેવલોકમાં અરુણસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

## અધ્યયન – ૬ : કુંડકૌલિક

કાંપિલ્યપુર નામના નગરમાં કુંડકૌલિક નામના વૈભવશાળી ગાથાપતિ તેની પુષા નામની રૂપ–ગુણ સંપન્ન સ્ત્રી સાથે ગૃહસ્થ જીવન જીવી રહ્યા હતા. તેમણે છ–છ ક્રોડ સોનામહોરો વ્યાપારમાં, ખજાનામાં અને ઘરની સાધન સામગ્રીમાં રાખી હતી. તેમની પાસે ગાયોના છ ગોકુળ હતા. ભગવાનના સમાગમે તેણે બાર વ્રતનો સ્વીકાર કર્યો.

એક દિવસ બપોરે ધર્મોપાસના માટે કુંડકૌલિક શ્રાવક અશોકવાટિકામાં ગયા. પોતાની વીંટી અને ઉત્તરીયવસ્ત્ર ત્યાંની પૃથ્વીશિલા પર રાખી, સ્વયં આરાધનામાં તલ્લીન બની ગયા. ત્યાં એક દેવ પ્રગટ થયા. કુંડકૌલિકનું ધ્યાન ચલિત કરવા તેની વીંટી અને ઉત્તરીયવસ્ત્ર ઉપાડીને સ્વયં આકાશમાં સ્થિર થઈ ગયા. આકાશમાં જ રહીને દેવે કુંડકૌલિકને કહ્યું, 'ગોશાલકના સિદ્ધાંતો સર્વ શ્રેષ્ઠ છે. આ જગતની સર્વ વસ્તુ નિયત છે. તેના માટે પુરુષાર્થ કરવાની કોઈ જરૂર નથી. ભગવાન મહાવીરના સિદ્ધાંતો ઉત્તમ નથી. ભગવાન સર્વ ભાવોને અનિયતરૂપે સ્વીકારે છે, તે યથાર્થ નથી. હે કુંડકૌલિક ! તમે વિચાર કરો અને ગોશાલકના મતનો સ્વીકાર કરો.'

કુંડકૌલિક ભગવાનના સિદ્ધાંતમાં દઢતમ હતા. તેથી તેણે દેવ સાથે ચર્ચા કરી અને પૂછ્યું, 'હે દેવ ! તમે આ દિવ્યઋદ્ધિ પુરુષાર્થથી મેળવી છે કે પુરુષાર્થ વિના જ. જો પુરુષાર્થ વિના જ દેવ અવસ્થા પ્રાપ્ત થઈ હોય, તો જગતના બધા જ જીવોને આ દિવ્યઋદ્ધિ કેમ પ્રાપ્ત થતી નથી.' કુંડકૌલિકની યુકિતસંગત વાત જાણીને દેવ નિરુત્તર થઈ ગયા. અંગુઠી અને દુપટ્ટો યથાસ્થાને મૂકીને ચાલ્યા ગયા.

બીજે દિવસે પ્રભુ તે નગરીમાં પધાર્યા. કુંડકૌલિક પ્રભુના દર્શન કરવા ગયા. સર્વજ્ઞ પ્રભુએ ગઈકાલે દેવ સાથે થયેલા વાર્તાલાપની વાત કરી. કુંડકૌલિકની પ્રશંસા કરતાં પ્રભુએ સાધુ–સાધ્વીઓને કહ્યું, 'ગૃહસ્થાવસ્થામાં રહેવા છતાં કુંડકૌલિક સુયોગ્ય તત્ત્વવેતા છે. અન્ય મતાનુયાયી દેવને યુકિત–પ્રયુકિતથી નિરુત્તર કર્યા છે. જો ગૃહસ્થી પણ પોતાના સિદ્ધાંતોમાં દઢ હોય છે, અન્ય દાર્શનિકો સમક્ષ સત્યતાને ચોકકસ રીતે પ્રગટ કરી શકે છે, તો સંયમી જીવનમાં શાસ્ત્રોનું અધ્યયન કરનારા સાધુ–સાધ્વીની યોગ્યતા કેવી હોવી જોઈએ ? સંક્ષેપમાં પ્રભુએ સર્વ સાધકોને તત્ત્વજ્ઞાનમાં સંપૂર્ણ જાણકાર રહેવાની પ્રેરણા આપી.

કુંડકૌલિક સ્વસ્થાને ગયા. સાધના પથ પર ઉત્તરોત્તર આગળ વધતા ગયા. વીસ વર્ષ શ્રાવકધર્મનું પાલન કરીને અંતે એક માસની સંલેખના દ્વારા સમાધિમરણને પામ્યા. મૃત્યુ પામીને પ્રથમ દેવલોકના અરૂણધ્વજ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

## અધ્યયન – ૭ : સકડાલપુત્ર

પોલાસપુર નગરમાં ગોશાલક મતાનુયાયી સકડાલપુત્ર નામના કુંભાર રહેતા હતા. તેની અગ્નિમિત્રા નામની પત્ની ગૃહકાર્યમાં કુશળ, પતિના સુખ–દુઃખમાં સહભાગી હતી. તેમણે એક કરોડ સોનામહોર ખજાનામાં, એક કરોડ વ્યાપારમાં અને એક કરોડ ઘરની સાધન સામગ્રીમાં રોકેલી હતી. તેમની પાસે ગાયોનું એક ગોકુળ હતું. પોલાસપુર નગરની બહાર સકડાલપુત્રની ૫૦૦ કર્મશાળા હતી. ત્યાં તેનો માટીના વાસણો બનાવવાનો મોટો વ્યાપાર ચાલતો હતો. આ બંને દંપતિ ગોશાલકના સિદ્ધાંતમાં તથા તદનુસાર આચરણમાં નિષ્ઠાવાન હતા.

એકાદા સકડાલપુત્ર બપોરે અશોકવાટિકામાં પોતાની ધર્મારાધનામાં લીન હતા. ત્યારે કોઈ દેવે

આકાશમાં અદશ્ય રહીને જ સૂચન કર્યું કે 'હે સકડાલપુત્ર ! આવતીકાલે અહીં ત્રૈલોકયપ્રકાશક પ્રભુ પધારવાના છે. તમે તેમને રહેવા માટે સ્થાન વગેરે આપજો અને તેમની સેવા ભકિત કરજો.' સકડાલપુત્ર પ્રભુ મહાવીરસ્વામીથી અપરિચિત હતા. તેથી તે ગોશાલકના આગમનની જ વધામણી સમજ્યો હતો. બીજે દિવસે પ્રભુનું પદાર્પણ થયું. નગરજનો દર્શનાર્થે ગયા. સકડાલપુત્ર પણ પોતાના આચાર્ય ગોશાલકના પદાર્પણને સમજીને દર્શનાર્થે ગયા. પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. સર્વજ્ઞ પ્રભુએ જાણી લીધું કે સકડાલપુત્ર સુલભબોધિ છે, તેને સદ્‌ધર્મની પ્રેરણા આપવી જોઈએ, તેથી પ્રભુએ કહ્યું કે 'હે સકડાલપુત્ર ! ગઈ કાલે અશોકવાટિકામાં દેવે તમને જે વધામણી આપી હતી, તેમાં દેવનો અભિપ્રાય ગોશાલકના આગમનનો ન હતો, વગેરે વાતચીત કરી. સકડાલપુત્ર પ્રભુના અતીન્દ્રિય અને પ્રત્યક્ષ જ્ઞાનથી પ્રભાવિત થયા. પ્રભુને વંદન નમસ્કાર કરીને પોતાની કર્મશાળામાં પધારવાની વિનંતી કરી. પ્રભુ ત્યાં પધાર્યા. સકડાલપુત્રને પ્રભુ પ્રતિ ભકિતભાવ હતો પરંતુ તેમની સૈદ્ધાંતિક શ્રદ્ધા ગોશાલકમાં હતી.

સકડાલપુત્રે પોતાના માટીના વાસણો સુકવવા રાખ્યા હતા. પ્રભુએ પૂછ્યું, આ વાસણ કેવી રીતે બન્યા ? સકડાલપુત્રે કહ્યું, હે પ્રભો ! પહેલા માટી લાવ્યા, તેને પલાળી, તેને ખૂંદી, પિંડ બનાવી, ચાકડા પર ચઢાવી વગેરે વિધિનું વર્ણન કર્યું. આ પ્રકારના પુરુષાર્થથી વાસણ તૈયાર થયા. હે સકડાલપુત્ર ! ગોશાલકના મતાનુસાર સર્વ ભાવો નિયત છે. તેમાં પુરુષાર્થને કોઈ સ્થાન નથી, તો પુરુષાર્થથી કાર્યસિદ્ધિ કેવી રીતે માની શકાય ? જો તમે પુરુષાર્થને માનો છો, તો તમારા સિદ્ધાંતો યથાર્થ નથી.

સકડાલપુત્ર બુદ્ધિમાન, સમજદાર અને વિવેકી સજ્જન પુરુષ હતા. ભગવાનના કથન માત્રથી તેઓ સિદ્ધાંતની વાસ્તવિકતાને પામી ગયા. શ્રદ્ધાથી પ્રભુના ચરણોમાં ઝૂકી ગયા. પ્રભુના સિદ્ધાંતોને સ્વીકારીને તે દંપતિએ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

ગોશાલકને આ વૃતાંતની ખબર પડી ત્યારે તેણે સકડાલપુત્રને સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ સકડાલપુત્રે સમજણપૂર્વક સત્‌તત્ત્વને પ્રાપ્ત કર્યું હતું, તેથી ગોશાલક તેને ચલિત કરી શકયો નહીં. સકડાલપુત્ર ઉચ્ચકોટિના શ્રાવકધર્મનું પાલન કરી રહ્યા હતા. આ રીતે ચૌદ વર્ષ

વ્યતીત થયા.

પંદરમા વર્ષે એકવાર અર્ધરાત્રિના સમયે સકડાલપુત્ર ધર્મારાધનામાં લીન હતા. ત્યારે એક મિથ્યાત્વી દેવ તેના વ્રત ભંગ કરાવવા પ્રગટ થયો. તેણે વ્રત છોડી દેવાની ધમકી આપી. અન્યથા તેના પુત્રોને મારી નાંખીને તેના નવ–નવ ટુકડા કરવાનું કહ્યું. સકડાલપુત્ર આરાધનામાં અડગ રહ્યાં. દેવે ક્રૂરતાથી પુત્રોને મારી નાંખ્યા. તેમ છતાં સકડાલપુત્ર ચલિત થયા નહીં. ત્યાર પછી દેવે તેની સહચારિણી પત્નીને મારી નાંખવાની ધમકી આપી. સકડાલપુત્રના જીવન પરિવર્તનમાં તેની ધર્મપત્નીનો ઘણો મોટો ફાળો હતો. તેથી પત્નીની હત્યાની ધમકીથી સકડાલપુત્ર ખળભળી ઉઠ્યા અને તે દેવને પડકવા માટે દોડ્યા. ત્યાં દેવ અદૃશ્ય થઈ ગયા. આ આશ્ચર્યકારી ઘટનાથી સકડાલપુત્ર ગભરાઈ ગયા. તેમની પત્ની અગ્નિમિત્રાએ આ ઘટનાને જાણી, ત્યારે તેણે પોતાના પતિને સત્ય હકીકત સમજાવી અને કહ્યું કે તમે દેવકૃત ઉપસર્ગમાં પરાજિત થઈને વ્રતભંગ કર્યો છે, તેનું પ્રાયશ્ચિત કરીને, તેની શુદ્ધિ કરો.

સકડાલપુત્રે સરળભાવે પોતાના દોષની આલોચના કરી. સાધનામાર્ગને શુદ્ધ અને નિર્મળ બનાવ્યો.

આ રીતે શ્રાવકધર્મનું પાલન કરીને, એક મહિનાનું અનશન કરીને સમાધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો અને પ્રથમ દેવલોકના અરૂણભૂત વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## અધ્યયન – ૮ : મહાશતક

રાજગૃહી નગરીમાં મહાશતક નામના સમૃદ્ધ ગાથાપતિ હતા. તેને રેવતી વગેરે તેર પત્નીઓ હતી. મહાશતક પાસે આઠ–આઠ કરોડ કાંસ્યપાત્ર પ્રમાણ સોનામહોરો ખજાનામાં, વ્યાપારમાં અને ઘરની સાધન–સામગ્રી માટે રાખેલી હતી. તેમની પાસે ગાયોના આઠ ગોકુળ હતા. રેવતી વગેરે તેર પત્નીઓ પોત–પોતાના પિયરથી પ્રીતિદાન રૂપે અઢળક સંપતિ લાવી હતી.

મહાશતક પોતાની તેર–તેર પત્નીઓ સાથે પાંચે ઈન્દ્રિયોના વિષયસુખને ભોગવતા હતા, તેમ છતાં ભોગવિલાસ જ તેમના જીવનનું ધ્યેય ન હતું. તેના જીવનમાં ભોગની સાથે ત્યાગનું પણ સ્થાન હતું. યોગાનુયોગ પ્રભુ મહાવીરસ્વામીના સમાગમે તેણે શ્રાવક વ્રતનો સ્વીકાર કરી પોતાના જીવનને સંયમિત અને

નિયમિત બનાવી લીધું.

મહાશતકની મુખ્ય પત્ની રેવતી વ્યકિતગત રીતે ધનાઢ્ય હતી. તેના મનમાં ધનની અને ભોગની અદમ્ય લાલસા હતી. એકદા મધ્યરાત્રિએ તેના મનમાં દુષ્ટ વિચાર આવ્યો. 'જો હું, મારી બાર શોક્યને મારી નાંખું, તો તેની સંપત્તિ પર મારો અધિકાર થાય અને મહાશતકની સાથે હું એકલી જ ભોગ ભોગવી શકું. રેવતીએ કામાંધ બનીને, પોતાના કુળની સજ્જનતાનો વિચાર કર્યા વિના સત્તાના જોરે બાર શોક્યની ઘાત કરાવી. કામાંધ વ્યકિત કેવા ક્રૂર કર્મો કરે છે, તે રેવતીના ચરિત્રથી જાણી શકાય છે. કામવાસનાની સાથે માંસ, મદિરામાં પણ તે અત્યંત આસક્ત બની ગઈ.

એકદા રાજાએ રાજ્યમાં 'અમારી' પડહ વગડાવ્યો. રાજ્યમાં પ્રાણીવધનો સર્વથા નિષેધ થઈ ગયો. રેવતી માટે મોટી મુશ્કેલી ઊભી થઈ ગઈ. તેણે એક માર્ગ શોધી કાઢ્યો. તેણે પોતાના પિયરના ગોકુળમાંથી પ્રતિદિન બે વાછરડાં મારીને પોતાની પાસે પહોંચાડવાની વ્યવસ્થા કરી લીધી. આ કાર્ય ગુપ્ત રીતે ચાલી રહ્યું હતું. રેવતીની વિલાસી વૃત્તિ વૃદ્ધિંગત બનતી ગઈ.

મહાશતકનું જીવન એક નવો વળાંક લઈ રહ્યું હતું. તે વ્રતોની ઉપાસનામાં આગળ વધતા ગયા. તેમણે કૌટુંબિક જવાબદારી મોટા પુત્રને સોંપી દીધી અને સ્વયં ધર્મારાધનામાં વિશેષપણે લીન બની ગયા. પતિનું ધર્મમય જીવન રેવતીને ગમ્યું નહીં.

એક દિવસ મહાશતક પૌષધશાળામાં ધર્મજાગરણ કરી રહ્યા હતા. દારૂના નશામાં ઉન્મત્ત બનેલી રેવતી લથડિયાં ખાતી, પોતાના વાળ વિખેરીને પૌષધશાળામાં આવી અને મહાશતકને ધર્મધ્યાનથી ચલિત કરવા કામોત્તેજક ચેષ્ટાઓ કરવા લાગી. મહાશતકના જીવનની આ એક વિચિત્ર ઘટના હતી. રાગ અને વૈરાગ્ય, ભોગ અને ત્યાગનું યુદ્ધ ચાલતું હતું. મહાશતક એક શૂરવીર, અતુલ આત્મબળના ધણી હતા. પત્નીની કામોત્તેજક ચેષ્ટાઓ તેને ચલિત કરી શકે તેમ ન હતી. રેવતીએ બીજી, ત્રીજીવાર પ્રયત્ન કર્યો પરંતુ મહાશતક અંશમાત્ર ચલિત થયા નહીં. મહાશતક આત્મભાવમાં તલ્લીન રહ્યા. ભોગ પર ત્યાગનો વિજય થયો. રેવતી નિરાશ વદને પાછી ફરી ગઈ.

મહાશતકનો સાધનાક્રમ ઉત્તરોત્તર ઉન્નત અને

વિકસિત થતો ગયો. તેણે ક્રમશઃ અગિયાર પ્રતિમાઓનું આરાધન કર્યું, તપની આરાધનાથી શરીર કૃશ થઈ ગયું, તેથી તેણે યાવજ્જીવનના અનશનવ્રતનો સ્વીકાર કર્યો. અધ્યાત્મસાધનામાં આગળ વધતાં ભાવવિશુદ્ધિથી મહાશતકને અવધિજ્ઞાન પ્રગટ થયું. મહાશતક સમભાવની સાધનામાં મસ્ત હતા. ત્યારે રેવતી ફરીવાર પોતાની ઈચ્છાપૂર્તિ માટે મહાશતકની સમીપે આવી. માંસ–મદિરાના વ્યસનમાં વિવેક ભૂલીને તે વારંવાર કુચેષ્ટાઓ કરવા લાગી. મહાશતકે રેવતીના અનુકૂળ ઉપસર્ગને સમભાવથી સહન કર્યો પરંતુ રેવતીએ બીજી, ત્રીજી વાર કુચેષ્ટાઓ કરી, ત્યારે મહાશતક કંઈક ક્ષુબ્ધ થયા. અવધિજ્ઞાન દ્વારા રેવતીનું ભાવિ જોઈને બોલ્યા, 'રેવતી ! તમે સાત રાત્રિમાં ભયાનક અલસક–લકવાના રોગથી પીડિત થઈને, પ્રથમ નરકમાં ઉત્પન્ન થશો.' રેવતીએ આ સાંભળ્યું, ત્યારે તે ધ્રુજી ઉઠી. તેની નજર સમક્ષ મોતની ભયાનકતા આવી ગઈ. તે તરત જ પાછી ફરી. મહાશતકના કથનાનુસાર તે સાત દિવસ અસહ્ય વેદના ભોગવીને મૃત્યુ પામી.

યોગાનુયોગ ભગવાન મહાવીરસ્વામી રાજગૃહીમાં પધાર્યા. પ્રભુ સર્વજ્ઞ હતા. તેમણે પોતાના શિષ્ય

ગૌતમસ્વામી દ્વારા મહાશતકને સંદેશો આપ્યો કે 'અંતિમ આરાધનામાં તલ્લીન સાધકે સત્ય પણ અપ્રિય ભાષાનો પ્રયોગ કરવો યોગ્ય નથી. મહાશતકે સત્ય પણ અપ્રિય ભાષાનો પ્રયોગ કર્યો છે, તે ઉચિત નથી. મહાશતકને તે દોષસેવનનું પ્રાયશ્ચિત લેવાનું કહો.' ગૌતમસ્વામીએ પ્રભુનો સંદેશો મહાશતકને પહોંચાડયો. મહાશતકે નતમસ્તકે પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરી. આલોચના અને પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થયા. અંતિમ આરાધના કરીને યથાસમયે સમાધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો. મૃત્યુ પામીને પ્રથમ દેવલોકના અરૂણાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## અધ્યયન – ૯ : નંદિનીપિતા

શ્રાવસ્તી નગરીમાં નંદિનીપિતા નામના સમૃદ્ધ ગાથાપતિ તેમની અશ્વિની નામની પત્ની સાથે સુખી ગૃહસ્થજીવન વ્યતીત કરી રહ્યા હતા. તેમણે ચાર ક્રોડ સોનામહોર ખજાનામાં, ચાર ક્રોડ સોનામહોર વ્યાપારમાં અને ચાર ક્રોડ સોનામહોર ઘરની સાધન સામગ્રીમાં રાખેલી હતી. તેમની પાસે ગાયોના ચાર ગોકુળ હતા. સર્વ

પ્રકારની અનુકૂળતામાં પણ નંદિનીપિતાને ત્યાગમાર્ગનું આકર્ષણ હતું.

યોગાનુયોગ પ્રભુ મહાવીરનો સમાગમ થયો. તેમણે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. ચૌદ વર્ષ સુધી શ્રાવકધર્મનું પાલન કરી, જયેષ્ઠ પુત્રને કૌટુંબિક જવાબદારી સોંપીને સ્વયં નિવૃત્તિમય સાધનામાં લીન બન્યા. પુણ્યોદયે તેમની સાધનામાં કોઈ વિઘ્ન આવ્યું નહીં. વીસ વર્ષ શ્રાવકધર્મનું પાલન કરી અંતિમ આરાધનાપૂર્વક તેમણે દેહનો ત્યાગ કર્યો. મૃત્યુ પામીને પ્રથમ દેવલોકના અરૂણગવ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## અધ્યયન – ૧૦ : સાલિનીપિતા

શ્રાવસ્તી નગરીમાં સાલિનીપિતા નામના ધનાઢ્ય અને પ્રભાવશાળી ગાથાપતિ પોતાની ફાલ્ગુની નામની પત્ની સાથે ગૃહસ્થજીવન વ્યતીત કરી રહ્યા હતા. તેમને ચાર ક્રોડ સોનામહોર ખજાનામાં, ચાર ક્રોડ સોનામહોર વ્યાપારમાં અને ચાર ક્રોડ સોનામહોર ઘરની સાધન સામગ્રીમાં રાખેલી હતી. તેમની પાસે ગાયોના ચાર ગોકુળ હતા.

ભગવાન મહાવીરના દર્શન અને ઉપદેશશ્રવણથી તેમને અધ્યાત્મસાધના માટે નવી પ્રેરણા પ્રાપ્ત થઈ. તેમણે બાર વ્રત અંગીકાર કર્યા. ચૌદ વર્ષ સુધી ગૃહસ્થ જીવનની જવાબદારી સહિત વ્રતનું પાલન કર્યું. ત્યાર પછી સર્વ જવાબદારી પુત્રને સોંપીને છ વર્ષ નિવૃત્તિમય ધર્મારાધના કરી. ક્રમશઃ અગિયાર પ્રતિમાનું પાલન કર્યું. તેમની આરાધનામાં પણ કોઈ વિઘ્ન આવ્યું નહી. અંતે આરાધનાપૂર્વક સમાધિભાવે દેહનો ત્યાગ કર્યો. મૃત્યુ પામીને પ્રથમ દેવલોકમાં અરૂણગવ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

શ્રી ઉપાસકદશાંગસૂત્રમાં કથિત દશે શ્રાવકોએ ગૃહસ્થધર્મનું પાલન કરતાં–કરતાં આરાધના કરીને સમાધિભાવે દેહનો ત્યાગ કર્યો. દશે શ્રાવકો પહેલા સૌધર્મ દેવલોકના વિવિધ વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થયા. દેવભવનું આયષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ ધારણ કરીને સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે. સંક્ષેપમાં દશે શ્રાવકોએ ગૃહસ્થપણામાં રહીને એકાવતારી પદ પ્રાપ્ત કર્યું.

# ચાલો ! સાચા શ્રાવક બનીએ

## ★ જ્ઞાન આરાધના ★

૧. જ્ઞાન આરાધના માટે પ્રતિદિન ............. મિનિટ ધાર્મિક વાંચન કરીશ.

૨. જ્ઞાનના સાધનો, જ્ઞાની કે જ્ઞાન શીખતા હોય, તે કોઈને અંતરાય કરીશ નહીં.

૩. જ્ઞાનદાનમાં વર્ષે ............ રૂા. નું દાન આપીશ.

## ★ દર્શન આરાધના ★

૧. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનને ધર્મદેવ રૂપે ધારણ કરું છું.

૨. પંચ મહાવ્રતધારી સાધુ–સાધ્વી ભગવંતોને મારા ધર્મગુરુ રૂપે ધારણ કરું છું.

૩. કેવળી પ્રરૂપિત ધર્મને ધારણ કરું છું.

૪. દેવ-ગુરુ-ધર્મને સ્મૃતિમાં લાવી પ્રતિદિન નવ વંદના કરીશ.

૫. પરમેષ્ઠી ભગવાનની આરાધના માટે પ્રતિદિન ............. નવકાર મંત્રની માળા કરીશ.

# ⋆ ચારિત્ર આરાધના ⋆

## ⋆ પહેલું અણુવ્રત – અહિંસાવ્રત ⋆

૧. નિર્દોષ પંચેન્દ્રિય જીવોને મારી નાંખવાના ભાવથી મારીશ નહીં, બીજા પાસે મરાવીશ નહીં.
૨. કૂતરા, પોપટ વગેરે પશુ-પક્ષીને વગર કારણે પાંજરામાં પુરીશ નહીં.
૩. માંસ-મદીરાનું સેવન કરીશ નહીં.
૪. શિકાર કરીશ નહીં.
૫. આપઘાત કરીશ નહીં.
૬. હોળી પ્રગટાવીશ નહીં, હોળીમાં રંગ ઉડાડીશ નહીં.
૭. ફટાકડા ફોડીશ નહીં.
૮. માથામાં ફૂલ નાંખીશ નહીં.
૯. નશા માટે ગાંજો, ચરસ વગેરે માદક દ્રવ્ય લઈશ નહીં.
૧૦. બટેટા વગેરે કંદમૂળ ખાઈશ નહીં અથવા ............. દિવસ ત્યાગ કરીશ.
૧૧. કૂવા, તળાવ, નદી, સમુદ્રમાં સ્નાન કરીશ નહીં.
૧૨. ગર્ભપાત કરીશ નહીં, કરાવીશ નહીં, કોઈને મદદરૂપ થઈશ નહીં.

૧૩. ફાંસી કે મૃત્યદંડ જોઈશ નહીં.
૧૪. પ્યોર સીલ્કના વસ્ત્રો પહેરીશ નહીં, તથા નવા ખરીદીશ નહીં.
૧૫. પશુઓને કતલખાનામાં વેચીશ નહીં, અને તેની દલાલી કરીશ નહીં.
૧૬. મોટી હિંસા થાય તેવી યોજનાઓમાં મત આપીશ નહીં, તેવી કંપનીઓના શેર લઈશ નહીં.
૧૭. મચ્છર, માંકડ, વાંદા વગેરે જંતુનાશક દવા વાપરીશ નહીં, અથવા મહિનામાં ............. દિવસ ત્યાગ કરીશ.

## ★ બીજું અણુવ્રત – સત્યવ્રત ★

૧. સગાઈ માટે અસત્ય બોલીશ નહીં.
૨. ખોટી સાક્ષી આપીશ નહીં.
૩. કોઈને એપ્રીલફૂલ બનાવીશ નહીં.
૪. કોઈને ફાંસી કે જન્મટીપ મળે, તેવું ખોટું બોલીશ નહીં.
૫. વિધવા સ્ત્રી આદિ કોઈની થાપણ (ગીરે મિલ્કત) અંગે ખોટું બોલીશ નહીં.

### ★ ત્રીજું અણુવ્રત – અચૌર્ય વ્રત ★

૧. કોઈના ઘરના તાળા તોડી, ચોરીના હેતુથી ચોરી કરીશ નહીં.
૨. શસ્ત્રાદિ દ્વારા કોઈને લૂંટીશ નહીં.
૩. ધર્મસ્થાનકની માલ–મિલ્કતની ચોરી કરીશ નહીં, ધર્મધનમાંથી કટકી કરીશ નહીં
૪. દાણચોરી (સ્મગલીંગ) કરીશ નહીં.
૫. નકલી ચલણી નોટો બનાવીશ નહીં.
૬. ખાવાની વસ્તુઓ, દવા વગેરેમાં ભેળસેળ કરીશ નહીં.

### ★ ચોથું અણુવ્રત – બ્રહ્મચર્ય વ્રત ★

૧. પરસ્ત્રી, પરપુરૂષ સાથે અબ્રહ્મ સેવીશ નહીં.
૨. વેશ્યાગમન કરીશ નહીં.
૩. મેરેજ બ્યુરો ચલાવીશ નહીં.
૪. મહિનામાં ............. દિવસ અબ્રહ્મનું સેવન કરીશ નહીં.
૫. રોજ ............. કલાકથી વધુ ટી.વી. જોઈશ નહીં.

## ★ પાંચમું અણુવ્રત – અપરિગ્રહવ્રત ★

૧. મારા નામે ............ મકાન, ............ દુકાન, ............ ગોડાઉન, ............ એકર જમીનથી વધુ રાખીશ નહીં.

૨. ............ તોલા સોનું, ............ તોલા ચાંદી, ............ ઝવેરાતથી વધુ રાખીશ નહીં.

૩. પ્રતિવર્ષ ............ લાખ કે ............ કરોડથી વધુ નફો થશે તો તેને અન્ય ધાર્મિક–સામાજિક કાર્યમાં વાપરીશ.

૪. ............ જોડ વસ્ત્રથી વધુ વસ્ત્ર રાખીશ નહીં.

## ★ છઠ્ઠું દિશાવ્રત ★

૧. વર્તમાનમાં દેખાતી દુનિયાની બહાર જઈશ નહીં.

૨. ભારતની બહાર જઈશ નહીં, અથવા ............ થી વધુ વાર જઈશ નહીં.

## ★ સાતમું ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત ★

૧. પ્રતિદિન ભોજન નિમિતે ............ દ્રવ્યનો ઉપયોગ કરીશ.

૨. ............ જોડથી વધુ બુટ–ચપ્પલ રાખીશ નહીં.

૩. સૌંદર્ય પ્રસાધનોનો ............ દિવસથી વધુ ઉપયોગ

કરીશ નહીં.

૪. ડેકોરેશન માટે ફૂલનો ઉપયોગ કરીશ નહીં. ............ જાતના ફૂલના ઉપયોગ સિવાય સર્વ ફૂલનો ત્યાગ કરું છું.

૫. મોટા જમણવારમાં કંદમૂળનો ઉપયોગ કરીશ નહીં.

૬. પ્રતિદિન સ્નાનમાં ............ બાલટીથી વધુ પાણીનો ઉપયોગ કરીશ નહીં. મહિનામાં ............ દિવસ સ્નાનનો ત્યાગ કરીશ.

૭. ............ પ્રકારની ટૂથપેસ્ટ, ............ પ્રકારના સાબુ, ............ પ્રકારના શેમ્પુનો જ ઉપયોગ કરીશ.

૮. મહિનામાં ............ દિવસ રાત્રિભોજનનો ત્યાગ કરીશ.

૯. મહિનામાં ............ દિવસ હોટલમાં જઈશ નહીં.

૧૦. ............ પ્રકારના વ્યાપાર સિવાય અન્ય વ્યાપારનો ત્યાગ કરું છું.

### ★ આઠમું અનર્થ દંડ વિરમણવ્રત ★

૧. ધર્મ નિમિતે દાંડીયારાસ વગેરે કાર્યક્રમ કરીશ નહીં.

૨. જુગાર, સટ્ટો રમીશ નહીં.

૩. નાટક, સિનેમા, સરઘસ વર્ષમાં .......... થી વધુ જોઈશ નહીં.

૪. બોંબ, બંદૂક વગેરે શસ્ત્રો વાપરીશ નહીં.

૫. સામેથી કોઈને ચપ્પુ, મિક્ષ્ચર વાપરવા લઈ જવાનું કહીશ નહીં.

૬. ઘરની આસપાસ ફૂલ ઝાડ વાવીશ નહીં, નવા રોપા, ફૂલ, કૂંડા લઈશ નહીં.

૭. ગેસ ચૂલા પોંજ્યા વિના વાપરીશ નહીં.

૮. કારણ વિના પંખા, લાઈટ ચાલુ રાખીશ નહીં.

૯. ઈર્ષાને વશ થઈને કોઈના મકાન, ગોડાઉન, દુકાનમાં આગ લગાવીશ નહીં, લગાડાવીશ નહીં.

૧૦. દિવાળીમાં દીવડા પ્રગટાવીશ નહીં, લાઈટ ડેકોરેશન કરીશ નહીં.

૧૧. મંત્ર, તંત્ર વિદ્યાના નામે હિંસક પ્રવૃત્તિ કે પ્રયોગો કરીશ નહીં.

### ★ નવમું સામાયિકવ્રત ★

૧. મહિનામાં .......... સામાયિક કરીશ.

### ★ દશમું દેશાવગાસિક વ્રત ★

૧. નવકારમંત્ર ગણ્યા વગર ઘર / દુકાન / ઓફિસની

બહાર જઈશ નહીં.

૨. પ્રતિદિન ............ માઈલથી વધુ દૂર જઈશ નહીં. આ મર્યાદા રોજની છે.

૩. તેલ, ઘી, ગોળ, સાકર, દૂધ, દહીંમાંથી રોજ એક નો ત્યાગ કરીશ.

### ★ અગિયારમું પૌષધવ્રત ★

૧. વર્ષમાં ............ પૌષધ કરીશ. ન થાય તો તેના બદલે ૩૦ સામાયિક કરીશ.

### ★ બારમું અતિથિ સંવિભાગ વ્રત★

૧. પ્રતિદિન ભોજન સમયે સાધુ-સાધ્વીને વહોરાવવાની ભાવના ભાવીશ.

૨. મહિનામાં ............ રૂપિયાનું દાન આપીશ.

**મારા અવ્રતના ભાવ છોડી મારા ધર્મગુરુ**
**પૂ. શ્રી ................................................ પાસે**
**૧૨ વ્રત અંગીકાર કરું છું. આત્મસાક્ષીએ પાલન કરીશ.**
**તા. ...................... થી તા. ...................... સુધી**

# શ્રી આગમ સૂત્ર

**❖ અંગસૂત્ર-૧૧ ❖**

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
 શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
 શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
 શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
 શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
 શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

**❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖**

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
 શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
 શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
 શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
 શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
 શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
 શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
 શ્રી વહ્નિદશા સૂત્ર

**❖ મૂળસૂત્ર-૪ ❖**

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**❖ છેદસૂત્ર-૪ ❖**

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

## પ્રકાશક

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

## સૌજન્ય

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે

માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા

સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા

શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા

શ્રીમતી હિના નિમેષ કોઠારી

## પ્રાપ્તિ સ્થાન

શ્રી મિલન અજમેરા

૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988

◆ કિંમત રૂ. 300/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-